# Press Note

ગઈ તા. 04/02/2019 ના એક ફરીયાદી નામે રમેશ હરનારાયણ ઝા, ઉ.વર્ષ 41, ધંધો-ડ્રાઈવર, હાલે રહે- રૂમ નં. 05, રતિલાલભાઈની ચાલ, ડોરી કડૈયા, નાની દમણ વાળાએ લેખિતમાં અરજી આપેલ કે તે પોતાના કામ પર બહાર ગયેલ હોય અને તેની ઘરે તેની પત્ની ઘરના અંદર હોય અને તેનો 09 વર્ષનો છોકરો તેના ઘરની બહાર જેના હાથમાં તેનો ઘરનો સમસંગ J7 મોબાઈલ ફોન હોય તે દરમ્યાન કોઇ અજાણ્યા ચોર ઇસમો છોકરાના હાથ માથી મોબાઇલ છીનવી અને ચોરી કરી નાશી ગયેલ હોય જે અરજીના અનુસંધાને કડૈયા પોલીસ સ્ટેશનના SHO, સોહિલ જીવાણી સાહેબને જાણ કરતા તેને સદર અરજીના અનુસંધાને ગુન્હો દાખલ કરવાનું જણાવતા U/s 356 અને 380 IPC મુજબ ગુન્હો રજીસ્ટર કરેલ. ત્યાર બાદ આગળનું તપાસ કામ ચાલુ રાખેલ.

જે બાદ સદર ગુન્હાનું આગળનું તપાસ કામ ચાલુ રાખતા સિનિયર ઓફિસરોના આદેશ અનુસાર સદર ગુન્હામાં વધુ પેટ્રોલીંગ રાખેલ જે બાદ સદર ગુન્હાની તપાસ દરમ્યાન જાણવા મળેલ કે સદર આરોપીઓ વાપીથી બાઇક પર આવતા હોય અને તેઓ પબ્લિકના મોબાઈલ છીનવી અને ચોરી કરવાનું કામ જ કરતા હોય, તેમજ ગઈ તા. 07/02/2019 ના કોસ્ટલ હાઇવે પર પોલીસ ટીમ પેટ્રોલીંગ કરતી હોય તે દરમ્યાન એક બાઇક ચાલક પોલીસને જોઇને ભાગ્યા જેથી પોલીસ ટીમને શંકા જતાં તેઓનો પીછો કરી અને તેઓને પકડી અને કોસ્ટલ પોલીસ સ્ટેશન કડૈયા લાવી અને વધુ પૂછતાછ કરતા તેઓએ પોતાનો ગુન્હો કબુલ કરતા તેઓની તપાસ દરમ્યાન તેઓ પાસેથી મોબાઈલ ફોન રીકવર કરેલ તે બાદ સદર આરોપીઓ નામે 1) શ્રીકેશ ઉર્ફે રાકેશ સિંઘ ઉ.વર્ષ 20 રહે- મહાલક્ષ્મી એપાર્ટમેંટ, રૂમ નં. 302, ડુંગરા વાપી, વલસાડ, ગુજરાત 2) ધીરજ સદ્દુર યાદવ ઉ.વર્ષ 19 રહે- બિલ્ડીંગ નં. 09 રૂમ નં. 203, વેસ્ટ સાઈડ પાલઘર, મહારાષ્ટ્ર. વાળાઓની અટક કરી આગળનું તપાસ કામ ચાલુ રાખવામા આવેલ અને આજ રોજ તેઓને નામદાર કોર્ટમાં રજુ કરતા તેઓને ચાર દિવસના પોલીસ રીમાન્ડ મંજૂર કરેલ છે.



ISSUED BY
DAMAN POLICE